**મળ્યા તારીખ –૧૫/૦૩/૨૦૨૩**
**નોંધ્યા તારીખ–૧૫/૦૩/૨૦૨૩**
**ફેંસલ તારીખ – ૨૫/૦૩/૨૦૨૬**
**સમયગાળો – વર્ષ માસ દિવસ**
**૦૦– ૦૦ – ૦૦**

<u>મોડાસાના મહે. નામદાર એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. એસ. આર. શર્મા સાહેબશ્રીની કોર્ટમાં,મું. મોડાસા.જીલ્લો : અરવલ્લી.</u>.

**<u>ફેંસલ તારીખ :૨૫ મી માર્ચ , સને : ૨૦૨૬</u>**
**ફોજદારી કેસ નં. ૭૯૯/૨૦૨૩**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપીઓ** : (૧) સુરેન્દ્રસિહ હિમતસિહ મકવાણા,
(૨) ભરતકુમાર કાળુસિહ મકવાણા,
બંન્ને રહે. ગોખરવા તા.મોડાસા
જી. અરવલ્લી

**ગુન્હો:–** **<u>ઈ.પી.કો.ની કલમ– ૩૫૪,(ક),(૩),૨૯૨,(૨),(ક),૧૪૪ તથા આઈ.ટી.એકટ. કલમ.૬૬(ઈ),૬૭,૬૭(એ), મુજબ</u>**

-----------------------------------------------

ફરિયાદ પક્ષ તરફે વિ. વ.શ્રી.એસ.આર.પટેલ
આરોપી નં.૧ પક્ષ તરફે વિ.વ.શ્રી એમ.એ.પટેલ
આરોપી નં.૨ પક્ષ તરફે વિ.વ.શ્રી.ડી.વી.રાજન

-----------------------------------------------

**// ચુ કા દો //**

(૧) આ કામના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ સુરેન્દ્રસિહ હિમતસિહ મકાવાણા નાઓએ આ કામના સાહેદ એકતાબેન વા/ઓ અજીતસિહ સોમસિહ મકવાણા રહે.ગોખરવા તા.મોડાસા નાઓ સાથે અગાઉ પ્રેમસંબંધ ધરાવતા હોઈ તે વખતે બીભત્સ વીડીયો કલીપ બનાવી પોતાના મોબાઈલ ફોનમા રાખેલ હોઈ જે બીભત્સ વીડીઓ કલીપ આ કામના મો.નં.૬૨૮૦૬૫૫૮૫૮ ના ધારક સહ આરોપી ભરતકુમાર કાળુસિહ મકવાણા રહે.ગોખરવા તા.મોડાસા જી.અરવલ્લી વાળાને આપેલ હોઈ જે બીભત્સ વીડીયો કલીપ સદરી આરોપીએ તા.૨૮/૧૦/૨૨ ના કલાક.૧૩/૦૦ વાગ્યાના અરસામા મોજે ગોખરવા ગામે મહાકાલ ગ્રૃપ નામના વોટસએપ ગૃપમા વાયરલ કરી ફરતુ કરી જાહેરમા પ્રદર્શીત કરી એકબીજાએ મદદગારી કરી ગુન્હો શિક્ષાનેપાત્ર ગુનો કરેલો છેતે મુજબનું તહોમત મુકી, ફરીયાદીએ ઉપરોકત બનાવ સંબંધે મોડાસા રૂરલ પોલીસ મથકે ફરીયાદ આપતાં પોલીસે ગુનો રજીસ્ટર કરેલો અને તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ની કલમ-૩૫૪,(ક),(૩),૨૯૨,(૨),(ક),૧૪૪ તથા આઈ.ટી.એકટ. કલમ.૬૬(ઈ),૬૭,૬૭(એ), મુજબના ગુના સબબનુ ચાર્જશીટ ના.કોર્ટ સમક્ષ રજુ કરેલુ છે.

(૨) આ કામના આરોપીને ના.કોર્ટ દવારા સમંસ કરવામાં આવેલો. જે આરોપીને ધારાસર બજતાં, તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર

થયેલા. સદરહુ આરોપીને તેમની વિરુઘ્ધના પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી. તે બાદ આરોપી સામે ઈ.પી.કો.ની કલમ–૩૫૪,(ક),(૩),૨૯૨,(૨),(ક),૧૪૪ તથા આઈ.ટી.એકટ. કલમ.૬૬(ઈ),૬૭,૬૭(એ),મુજબના ગુનાનું આંક:૦૮ થી તહોમતનામું ફરમાવીને આરોપીની પ્લી આંક : ૦૯ થી૧૦ તળે નોંધવામાં આવેલી. જેમાં આરોપીએ તેમની સામેના ગુના સબબનો ઈન્કાર કરેલો. જેથી સદરહુ કામ ફરીયાદ પક્ષના પુરાવાના તબકકે રાખવામાં આવેલુ.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવો:–</u>**

આંક:૩૯ થી ફરીયાદી: વિજયસિહ સોમસિહ મકવાણા
આંક:૪૨ થી : મુદ્દામાલ એફ.એસ.એલ. મંગાવેલ તેનો રીપોર્ટ
આંક:૪૩ થી : પુરાવાની કલમ ૬૫ (બી) સર્ટી
આંક: ૪૪ થી :ફરીયાદ
આંક: ૪૫ થી : સાહેદ એકતાબેન તે અજીતસિહ સોનસિહ મકવાણાની પત્ની
આંક: ૪૬ થી : ૧૬૪ નુ નિવેદન
આંક: ૪૭ થી :સાહેદ અજીતસિહ સોનસિહ મકાવાણા
આંક:૪૮ થી: સાહેદ મનોજકુમારા કાંતીસિહ મકવાણા
આંક:૪૯ થી :સી.ડી.નુ પંચનામુ
આંક:૫૦ થી :મોબાઈલનુ પંચનામુ
આંક:૫૧ થી :શરીરસ્થિતિનુ પંચનામુ
આંક:૫૨ થી: કલોઝિંગ પુરસીસ

(૪) તે બાદ ફરીયાદ પક્ષ તર્ફે વધુ કોઈ પુરાવો રજુ ન હોઈ પુરાવો બંધ કરવામાં આવેલો છે. તે બાદ પુરાવો જોતાં આરોપીનો ક્રિ.પ્રો. કો. ક.

૩૧૩ અન્વયે વધારાનો જવાબ નોંધવામાં આવેલો નથી. તે બાદ ફરીયાદ પક્ષ તર્ફે વિ. એ.પી.પી. શ્રી એસ.આર.પટેલ તથા આરોપી નં.૧ તર્ફે વિ. વ. શ્રી એમ.એ.પટેલ તથા આરોપી નં.ર તર્ફે વિ.વ.શ્રી. ડી.વી.રાજન ની દલીલ સાંભળેલી છે.

(૫) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉદભવે છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓ પૈકી આરોપી નં.૧ સુરેન્દ્રસિહ હિમતસિહ મકાવાણા નાઓએ આ કામના સાહેદ એકતાબેન વા/ઓ અજીતસિહ સોમસિહ મકવાણા રહે.ગોખરવા તા.મોડાસા નાઓ સાથે અગાઉ પ્રેમસંબંધ ધરાવતા હોઈ તે વખતે બીભત્સ વીડીયો કલીપ બનાવી પોતાના મોબાઈલ ફોનમા રાખેલ હોઈ જે બીભત્સ વીડીઓ કલીપ આ કામના મો.નં .૬૨૮૦૬૫૫૮૫૮ ના ધારક સહ આરોપી ભરતકુમાર કાળુસિહ મકવાણા રહે.ગોખરવા તા.મોડાસા જી.અરવલ્લી વાળાને આપેલ હોઈ જે બીભત્સ વીડીયો કલીપ સદરી આરોપીએ તા.૨૮/૧૦/૨૨ ના કલાક.૧૩/૦૦ વાગ્યાના અરસામા મોજે ગોખરવા ગામે મહાકાલ ગ્રૃપ નામના વોટસએપ ગૃપમા વાયરલ કરી ફરતુ કરી જાહેરમા પ્રદર્શીત કરી એકબીજાએ મદદગારી કરી ગુન્હો શિક્ષાનેપાત્ર ગુનો કરેલો છેતે મુજબનું તહોમત મુકી, ફરીયાદીએ ઉપરોકત બનાવ સંબંધે મોડાસા રૂરલ પોલીસ મથકે ફરીયાદ આપતાં પોલીસે ગુનો રજીસ્ટર કરેલો અને તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ની કલમ– ૩૫૪,(ક),(૩),૨૯૨,(૨),(ક),૧૧૪ તથા આઈ.ટી.એકટ. કલમ.૬૬(ઈ),૬૭,૬૭(એ), મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલો છે ?

૨ ). શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિ ર્ણ યો –::**

| | |
|---|---|
| ૧. | નકારમાં |
| ૨. | આખરી હુકમ મુજબ |

**–:: કા ર ણો –::**

(૭) પ્રસ્તુત કામના આરોપીઓ ઉપર આક્ષેપાયેલ ગુના સંદર્ભે ઉપરોકત ઘડવામાં આવેલ મુદ્દાઓ પરત્વેનો ન્યાય નીર્ણય કરવા સારૂ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાની સવિશેષ ચર્ચા કરી અત્રે તેના કારણો નીચે મુજબ નીરૂપિત કરવામાં આવેલ છે.

(૮).. આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલો પુરાવો જોઈએ તો, ફરીયાદ પક્ષે આંક:૩૯ થી તપાસવામાં આવેલ ફરીયાદી :વિજયસિહ સોમસિહ મકવાણા નાઓએ તેમની સમગ્ર જુબાની દરમ્યાન જણાવેલ છે કે,મારા ભાઈનુ નામ અજીતસિહ સોમસિહ મકાવાણા તથા ભાભીનુ નામ એકતા છે બનાવ આશરે બે ત્રણ વર્ષ આગઉ બનેલ તારીખ હાલમા યાદ નથી મહાકાલ નામના વોટસેપ ગૃપ મા હુ સભ્ય તરીકે હતો બનાવ મહાકાલ વોટસઅપ ગૃપ બે –ત્રણ વીડીયો ગ્રૃપમા આવેલ વીડીયો વોટસઅપ ગ્રૃપમા વાયરલ થયા બાદ હુ મો.રૂ.પો.સ્ટ. વીડીયો જાણવા મળેલ કે વારયલ વીડીયો મારા ભાભી એકતાબેન સુરેન્દસિહ હિમતસિહ મકવાણા રહે ગોખરવા વચ્ચનો હતો મારા ભાભીની કોઈ પુછપરછ કરેલ

નહી સી.ડી. બનાવીને આપેલ સી.ડી. બતાવવામા આવે તો હુ ઓળખી શકુ નહી સી.ડી.ડ્રાઈવ કરીને વાયરલ થયેલ વીડીયો કરેલ સી.ડી. બતાવવામા આવે ઓળખી શકુ નહી સી.ડી.ડ્રાઈવ કરીને વાયરલ થયેલ વીડીયો ઓળખી શકુ મોડાસા રૂ.પો.સ્ટ.આંક:૪ર મોકલી આપેલ કબજે લેવામા આવેલ મુદ્દામાલ ડી.વી.ડી. મોબાઈલ નં.ર એફ.એલ.એલ. ગાંધીનગર થી પો.સ્ટ. પરત આવેલ નથી મોબાઈલ વોટસએપમા કુલ–પ વીડીયો મોબાઈલ સ્થિતિમા સી.ડી. બનાવડાવેલ પોલીસને સર્ટીફીકેટ આપેલ સર્ટી જેમા મારી સહી હુ ઓળખી બતાવુ આંક:૪૩ છે આપવામા આવે છે મોબાઈલ ગૃપ આવેલ પ વીડીયો શેના હતા ગૃપમા કોણે વાઈરલ કરેલ મને ખબર નથી પોલીસની અસલ ફરીયાદ બતાવવમા આવે છે જેમા મારી સહી છે આંક:૪૪ આપવમા આવે છે આરોપીઓને હુ ઓળખુ છુ નામ.કોર્ટમા હાજર છે તે જ છે આરોપી નં.૧ તર્ફે બચાવ પક્ષના વિ.વ.શ્રીએ લીધેલ ઉલટ તપાસમાં પણ એ વાત ખરી છેકે, બીભત્સ વીડીયો મહાકાલ વોટસએપ ગ્રૃપમા વાઈરલ કરેલ હોય તેવુ બનેલ નથી આરોપી નં .૧ હુ જાણતો નથી આરોપી નં.૧ ગામના હોય અગાઉથી ઓળખુ છુ સી.ડી. બનાવી પોલીસને રજુ કરેલ સી.ડી. વીડીયો કોઈ પુરાવો રજુ કરેલ નથી ફરીયાદ પોલીસ તૈયાર કરેલ સહી કરેલ આરોપી નં.ર તર્ફે બચાવ પક્ષના વિ.વ.શ્રીએ લીધેલ ઉલટ તપાસમાં પણ એ વાત ખરી

છેકે,આરોપી નં.ર પોલીસ રૂબરૂની ફરીયાદમા જણાવેલ નથી ફરીયાદમા મોબાઈલ નંબર:૬ર૮૦૬પપ૮પ૮ સીમકાર્ડ કોના નામે ઈસ્યુ થયેલ પુરાવો રજુ કરેલ નથી આરોપીનં.ર નાઓ કોઈ બીભત્સ વીડીયો વાઈરલ કરેલ હોઈ તેવુ બનેલ નથી આરોપી નં.ર ગામના હોય બનાવ અગાઉથી હુ ઓળખુ છુ આરોપી નં.ર મહાકાલ વોટસએપ ગ્રૃપના સભ્ય નથી

(૯).. આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલો પુરાવો જોઈએ તો, ફરીયાદ પક્ષે આંક:૪પ થી તપાસવામાં આવેલ સાહેદ : એકતાબેન તે અજીતસિહ સોનસિહ મકવાણાની પત્ની નાઓએ તેમની સમગ્ર જુબાની દરમ્યાન જણાવેલ છે કે,બનાવ કયારે બનેલો તેની મને યાદ નથી આથી વિશેષ મારે કઈ કહેવુ નથી મોડાસા રૂ.પો.સ્ટે. ફરીયાદ આપેલી આરોપીઓનુ હુ ઓળખુ છુ નામ.કોર્ટમા હાજર છે મોડાસા કોર્ટમા લઈ ગયેલ મારુ નિવેદન આપેલ સીલબંધ કરવમાથી ક્રિ.પ્રો.કોડની કલમ ૧૬૪ મુજબનુ નિવેદન કોર્ટની પરવાનગી કવર તોડી બતાવવામા આવે છે જેને હુ ઓળખી બતાવુ છુ આંક:૪૬ આપવમા આવે છે આરોપી નં.૧ તર્ફે બચાવ પક્ષના વિ.વ.શ્રીએ લીધેલ ઉલટ તપાસમાં પણ એ વાત ખરી છેકે, બીભત્સ વીડીયો મહાકાલ વોટસએપ ગૃપ વાયર કરેલ તેવુ બનેલ નથી બનાવની કોઈ જાણ માહિતી નથી પોલીસે મને ફકત મારુ નામ સરનામુ પુછેલુ બીજુ કઈ પુછેલુ નહી આરોપી નં.ર તર્ફે બચાવ પક્ષના

વિ.વશ્રી.એ લીધેલ ઉલટ તપાસમા પણ એ વાત ખરી છે કે, આરોપી નં.૧ તર્ફે કરવામ આવેલ એડોપ્ટ કરે છે.

(૧૦).. આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલો પુરાવો જોઈએ તો, ફરીયાદ પક્ષે આંક:૪૭ થી તપાસવામાં આવેલ સાહેદ : અજીતસિહ સોનસિહ મકવાણા નાઓએ તેમની સમગ્ર જુબાની દરમ્યાન જણાવેલ છે કે, બનાવ કયારે બનેલો તેની મને ખબર નથી આથી વિશેષ મારે કઈ કહેવુ નથી મારા ભાઈએ પો.સ્ટ.ફરીયાદ આપેલી પોલીસે મારો જવાબ લીધેલો આરોપીઓને હુ નામ.કોર્ટમા હાજર છે આરોપી નં.૧ તર્ફે બચાવ પક્ષના વિ.વ.શ્રીએ લીધેલ ઉલટ તપાસમાં પણ એ વાત ખરી છેકે, બીભત્સ વીડીયો મહાકાલ વોટસએપ ગૃપ વાયર કરેલ તેવુ બનેલ નથી બનાવની કોઈ જાણ માહિતી નથી પોલીસે મને ફકત મારુ નામ સરનામુ પુછેલુ બીજુ કઈ પુછેલુ નહી આરોપી નં.ર તર્ફે બચાવ પક્ષના વિ.વશ્રી.એ લીધેલ ઉલટ તપાસમા પણ એ વાત ખરી છે કે, આરોપી નં .૧ તર્ફે કરવામ આવેલ એડોપ્ટ કરે છે.

(૧૧).. આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલો પુરાવો જોઈએ તો, ફરીયાદ પક્ષે આંક:૪૮ થી તપાસવામાં આવેલ સાહેદ : મનોજકુમારા કાંતીસિહ મકવાણા નાઓએ તેમની સમગ્ર જુબાની દરમ્યાન જણાવેલ છે કે, બનાવ કયારે બનેલો તેની મને ખબર નથી આથી વિશેષ મારે કઈ કહેવુ નથી મારા ભાઈએ પો.સ્ટ.ફરીયાદ આપેલી પોલીસે મારો જવાબ લીધેલો આરોપીઓને હુ નામ.કોર્ટમા હાજર છે આરોપી નં.૧ તર્ફે બચાવ પક્ષના

વિ.વ.શ્રીએ લીધેલ ઉલટ તપાસમાં પણ એ વાત ખરી છેકે, બીભત્સ વીડીયો મહાકાલ વોટસએપ ગૃપ વાયર કરેલ તેવુ બનેલ નથી બનાવની કોઈ જાણ માહિતી નથી પોલીસે મને ફકત મારુ નામ સરનામુ પુછેલુ બીજુ કઈ પુછેલુ નહી આરોપી નં.૨ તર્ફે બચાવ પક્ષના વિ.વશ્રી.એ લીધેલ ઉલટ તપાસમા પણ એ વાત ખરી છે કે, આરોપી નં.૧ તર્ફે કરવામ આવેલ એડોપ્ટ કરે છે.

**(૧૨)**.. આમ,સદર કામે ઉપરોકત ફરીયાદી તેમની જુબાની દરમ્યાન આ કામે ફરીયાદ તથા ફરીયાદપક્ષના કેસની હકીકતોથી વિપરીત અને વિરુધ્ધ પ્રકારની હકીકતો જણાવેલ છે. અલબત , સદર ફરીયાદીએ તેમના મૌખીક પુરાવા દરમ્યાન આરોપીએ આક્ષેપીત ગુન્હો આચરેલ હોવાની હકીકતનો સ્પષ્ટ પણે ઈન્કાર કરેલ છે . વધુમા કામે આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.ની કલમ–૩૫૪,(ક),(૩),૨૯૨,(૨),(ક),૧૪૪ તથા આઈ.ટી.એકટ. કલમ.૬૬(ઈ),૬૭,૬૭(એ),મુજબનાગુન્હાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે આ ગુનાની જોગવાઈમાં સમાવિષ્ટ આવશ્યક તત્વો ફલીત થાય તેવી હકીકત નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. પરંતુ આ કામે મહત્વના ગણી શકાય તેવા સાહેદ કે જેઓ ફરીયાદી છે તેઓએ ફરીયાદ કે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી. તદઉપરાંત,ફરીયાદપક્ષે રજુ ફરીયાદની હકીકતો એ સમર્થનકારક પ્રકારના ગણી શકાય તેવા પુરાવાઓ છે. આ

કામે જયારે પ્રત્યક્ષ કહી શકાય તેવા મહત્વના પુરાવામાં આરોપી વિરુધ્ધ આક્ષેપીત તહોમત માહેની હકીકતોનો ઈન્કાર કરતી હકીકતો ફલીત થયેલ છે. ત્યારે સદરહું દસ્તાવેજી પુરાવાઓથી કેસની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે તેમ માનવાને કારણ ઉપસ્થિત થતુ નથી. આમ, ફરીયાદીપક્ષે રજુ તમામ પુરાવાકીય હકીકતો તપાસતા આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનાના આવશ્યક તત્વો ફલીત થતા હોય તેવી પુરાવાકીય હકીકતો ન રજુ થયેલ હોવાથી આરોપીને ઈ.પી.કો.ની કલમ–૩૫૪,(ક),(૩),૨૯૨,(૨),(ક),૧૪૪ તથા આઈ.ટી.એકટ. કલમ.૬૬(ઈ),૬૭,૬૭(એ), મુજબના ગુના પૈકી કોઈ ગુનામાં તકસીરવાન ઠરાવવા પાત્ર જણાઈ આવતુ નથી.

**(૧૩)**.. આમ, આ કામેના પુરાવાઓ ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ , મુદ્દા નંબર–૧''નકારમાં '' નિર્ણીત કરી મુદ્દા નં.૨ પરત્વે આખરી હુકમ નીચે મુજબનો ફરમાવું છું.

**:: આખરી હુકમ ::**

ક્રિ. પ્રો. કોડની કલમ : ૨૪૮(૧) અન્વયે આરોપીઓ : (૧) સુરેન્દ્રસિહ હિમતસિહ મકવાણા, (૨) ભરતકુમાર કાળુસિહ મકવાણા, બંન્ને રહે.ગોખરવા તા.મોડાસા જી.અરવલ્લી,નાઓને ઈ.પી.કો.ની કલમ–૩૫૪,(ક),(૩),૨૯૨,(૨),(ક),૧૪૪ તથા આઈ.ટી.એકટ. કલમ.૬૬(ઈ),૬૭,૬૭(એ),મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. આ કામે કબજે કરેલ મુદ્દામાલ બે (૨) મોબાઈલ ની માલીકી અંગે યોગ્ય ખરાઈ કરી પરત કરવાનો

હુકમ કરવામા આવે છે. બાકીનો મુદ્દામાલ ડી.વી.ડી.નંગ.૧ સમય મર્યાદામા નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ની કલમ–૪૩૭(ક) મુજબ આરોપીએ રજુ કરેલ ખત તથા જામીનખત કલમ–૪૩૭(ક) ની જોગવાઈ અનુસાર અમલમાં રહેશે.

હુકમ આજરોજ તારીખ :૨૫મી, માહે:માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૨૫/૦૩/૨૦૨૬ ( એસ. આર. શર્મા)
સ્થળ :મોડાસા એડીશનલ જયુડી.મેજી.ફ.ક.
મોડાસા.
**જજ કોડ–જીજે૦૧૫૭૧**

D.R.PATEL.P.A